Upload National Evening News 19-09-2024 at 7.50-8.00-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-09-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*******************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 21 થી 23 સપ્ટેમ્બર દરમિયાન અમેરિકાના ત્રણ દિવસનાં પ્રવાસે જશે.
- પ્રધાનંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, વિશ્વની કોઈ તાકાત જમ્મુ કાશ્મીરમાં 370મી કલમને ફરી લાગુ નહીં કરી શકે
- છેલ્લાં 10 વર્ષમાં સ્વચ્છતા અભિયાન રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશ બની ગઈ હોવાનું જણાવતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ
- હાઈડ્રોજનના ઉપયોગ દ્વારા આગામી વર્ષોમાં 22 લાખ કરોડ રૂપિયાના અશ્મિભૂત ઇંધણની આયાતને ઘટાડીને 4 લાખ કરોડ રૂપિયા કરવાનું લક્ષ્ય
- **ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતી કાલથી દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે**
- ભારત અને બાંગલાદેશ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચનાં પ્રથમ દિવસે ભારતે છ વિકેટે 339 રન કર્યા હતા. આર અશ્વિન 102 રને અણનમ

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MEA-PM US VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 21 થી 23 સપ્ટેમ્બર દરમિયાન અમેરિકાના ત્રણ દિવસનાં પ્રવાસે જશે. આજે નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી અનેક દ્વિપક્ષીય અને બહુપક્ષીય પાસાઓ પર ચર્ચા કરશે. પ્રધાનમંત્રી શનિવારે ક્વાડ નેતાઓનાં ચોથા સંમેલનમાં ભાગ લેશે. સંમેલનથી અલગ તેઓ અનેક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો પણ કરશે. શ્રી મિસરીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી રવિવારે અમેરિકામાં વસતા વિશાળ ભારતીય સમુદાય સાથે વાતચીત કરશે. તેઓ સોમવારે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં શિખર સંમેલનને સંબોધિત કરશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે પ્રધાનમંત્રી અમેરિકાની અગ્રણી કંપનીઓનાં સીઇઓ સાથે પણ વાતચીત કરશે.

## J&K-PM RALLY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે, વિશ્વની કોઈ તાકાત જમ્મુ કાશ્મીરમાં 370મી કલમને ફરી લાગુ નહીં કરી શકે. તેમણે જણાવ્યું કે, અમે જમ્મુ કાશ્મીરમાં પાકિસ્તાનનાં એજન્ડાને લાગુ નહીં કરવા દઈએ. જમ્મુના કટરામાં એક જાહેર ચૂંટણી સભાને સંબોધતા શ્રી મોદીએ કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સનાં જોડાણની ટીકા કરી હતી અને તેમનાં પર ભારત વિરુધ્ધ કાર્ય કરવાનો આરોપ કર્યો હતો.

અગાઉ શ્રીનગરમાં જાહેર સભાને સંબોધતા શ્રી મોદીએ લોકોને 25 સપ્ટેમ્બરે યોજાનાર વિધાનસભા ચૂંટણીનાં બીજા તબક્કામાં વિક્રમ સંખ્યામાં મત આપવા વિનંતી કરી હતી.

જમ્મુ કાશ્મીરને રાજ્યનો દરજ્જો પૂર્વવત કરવા સંસદમાં આપેલી ખાતરીનો પુનરોચ્ચાર કરતા જણાવ્યું કે, માત્ર ભારતીય જનતા પાર્ટી જ આ વચન પૂર્ણ કરી શકે છે. ગઈ કાલે પ્રથમ તબક્કાના મતદાન અંગે તેમણે જણાવ્યું કે, જમ્મુ કાશ્મીરનાં

લોકોએ મોટી સંખ્યામાં મતદાન કરીને નવો ઇતિહાસ રચ્યો છે. તેમણે જણાવ્યું કે, પ્રથમ વાર જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદનાં ઓછાયા વગર મતદાન થયું હતું.

## PREZ-SAFAI MITRA SAMMELAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું છે કે, મહાકાલ, ઉજ્જૈન શહેરમાં સદીઓથી સંસ્કૃતિ અને સભ્યતાની પરંપરા ચાલતી આવે છે. આજે ઉજ્જૈનમાં સફાઇ મિત્ર સંમેલનને સંબોધન કરતા રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં સ્વચ્છતા અભિયાન રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશ બની ગઈ છે અને તેનાંથી દેશમાં અભૂતપુર્વ પરિવર્તન આવ્યું છે. સ્વચ્છ ભારત મિશનનાં લક્ષ્ય પૂરા કરવાનું આહવાન કરતા તેમણે આ મુજબ જણાવ્યુઃ

(BYTE PRESIDENT...)

રાજ્યની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિએ ઉજ્જૈન-ઇન્દોર સિક્સ લેન હાઇવેનું વર્ચ્યુઅલ ભૂમિ પુજન પણ કર્યું હતું. મુખ્યમંત્રી ડોક્ટર મોહન યાદવે જણાવ્યું કે, સ્વચ્છ ભારત અભિયાનમાં મધ્યપ્રદેશે બીજું સ્થાન મેળવ્યું છે અને ઇન્દોર સાત વાર દેશનું સૌથી સ્વચ્છ શહેર રહ્યું છે.

રાષ્ટ્રપતિ ઇન્દોરની દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકોને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ હાંસલ કરવા અને તેમને આત્મનિર્ભર બનાવવા પ્રોત્સાહિત કરવા આહવાન કર્યું હતુ.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# HM-COOPERATIVE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે સહકાર સે સમૃધ્ધિ થીમ હેઠળ તેમનાં મંત્રાલયની પહેલ શરૂ કરી હતી. તેમણે નરેન્દ્ર મોદી સરકારની ત્રીજી મુદતનાં 100 દિવસમાં સહકાર મંત્રાલયની પહેલ અંગે માહિતી આપી હતી. શ્રી શાહે પંચાયતોમાં બે લાખ નવી બહુ-હેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ સોસાયટીઓની રચના અને તેનાં મજબૂતીકરણ તથા શ્વેત ક્રાંતિનાં બીજા તબક્કા અંગેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અંગેની માર્ગદર્શિકા જારી કરી હતી.

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે, સહકાર મંત્રાલયની રચના કરવાની જૂની માંગને એનડીએ સરકારે પૂર્ણ કરી છે. તેમણે જણાવ્યું કે, સરકાર સહકારી સંસ્થાઓ દ્વારા ગ્રામીણ અર્થતંત્રને નવો વેગ આપી રહી છે. આ અંગે વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ-અમિત શાહ)

# AGRI 100 DAYS

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારની ત્રીજી મુદતનાં 100 દિવસમાં ખેડૂતોનાં કલ્યાણને ટોચની પ્રાથમિકતા આપવામાં આવી છે. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી-પીએમ કિસાન હેઠળ ખેડૂતોને 21 હજાર કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. આ યોજના હેઠળ 25 લાખ નવા ખેડૂતોનો સમાવેશ થતાં કુલ લાભાર્થીની સંખ્યા વધીને નવ કરોડ 51 લાખ થઈ છે. ખેડૂતોને તેમની ઉપજનું વળતરદાયી મુલ્ય પુરું પાડવા અને આવશ્યક ચીજોનાં ભાવમાં ઊંચી વધઘટ ટાળવા 35 હજાર કરોડ રૂપિયાની પીએમ-આશા સ્કીમ શરૂ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે સરકારે 28 હજાર કરોડ રૂપિયાનાં ડિજિટલ એગ્રીકલ્ચર મિશનને પણ મંજૂરી આપવામાં આવી છે.

## PETROLEUM- SCHEMES 100 DAYS

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું હતું કે તાજેતરમાં સરકારે સંશોધિત પ્રધાનમંત્રી બાયોફ્યુઅલ ક્લાઈમેટ ચેન્જ એડપ્ટેબલ ક્રોપ રેસિડ્યુ પ્રિવેન્શન (PM-જીવન) યોજનાને મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય ખેડૂતોને કૃષિ અવશેષો માટે વળતરયુક્ત આવક પ્રદાન કરવાનો અને પર્યાવરણીય પ્રદૂષણને સંબોધવાનો છે. યોજનામાં સુધારા સાથે, અદ્યતન બાયોફ્યુઅલ માટે નાણાકીય સહાય ઉપલબ્ધ છે. પ્રોજેક્ટ દરખાસ્તોમાં નવી ટેકનોલોજી અને નવીનતાને પ્રાધાન્ય આપવામાં આવશે. આ યોજના સ્થાનિક રોજગારીની તકોનું સર્જન કરશે અને ભારતની ઊર્જા સુરક્ષા અને આત્મનિર્ભરતાને સુનિશ્ચિત કરશે

## GADKARI- HYDROGEN

માર્ગ પરિવહન અને ધોરી માર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે જણાવ્યું હતું કે સરકાર હાઈડ્રોજનના ઉપયોગ દ્વારા આગામી વર્ષોમાં આશરે 22 લાખ કરોડ રૂપિયાના અશ્મિભૂત ઇંધણની આયાતને ઘટાડીને 4 લાખ કરોડ રૂપિયા કરવાનું લક્ષ્ય રાખે છે. દિલ્હીમાં એક કાર્યક્રમમાં શ્રી ગડકરીએ કહ્યું કે સરકાર મીરાઈ પ્રોજેક્ટ પર ઝડપથી કામ કરી રહી છે. મિરાઈ એક એવી કાર છે જે કચરામાંથી ઉત્પાદિત હાઈડ્રોજનનો ઈંધણ તરીકે ઉપયોગ કરે છે. તેમણે એમ પણ કહ્યું કે બાયોટેકનોલોજીનો ઉપયોગ કરીને સસ્તા દરે હાઇડ્રોજનનું ઉત્પાદન શક્ય બની શકે છે.

મંત્રાલયે ભારતને ઉર્જા નિકાસ કરતો દેશ બનાવવા માટે એક ડોલર પ્રતિ કિલોગ્રામના દરે હાઇડ્રોજનનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. રાષ્ટ્ર નિર્માણમાં કૃષિના મહત્વ પર ભાર મૂકતા શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે આપણા ખેડૂતો માત્ર ખાદ્ય પ્રદાતા જ નથી પરંતુ ઉર્જા પ્રદાતા, બળતણ પ્રદાતા અને હાઇડ્રોજન

પ્રદાતા પણ છે, કારણ કે તેઓ પરાળીનો ઉપયોગ કરીને બાયો-ઇથેનોલનું ઉત્પાદન કરવામાં સક્ષમ છે. તેમણે ખાનગી સંસ્થાઓને ગ્રામીણ અને આદિવાસી વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરવા પણ વિનંતી કરી. તેમણે ચિંતા વ્યક્ત કરી કે મેટ્રો શહેરો પર વધુ પડતો ભાર દેશમાં આર્થિક અસમાનતા તરફ દોરી રહ્યો છે.

## VP- VISIT DAMAN

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતી કાલથી દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે આવશે. કેન્દ્રશાસિત પ્રદેશની તેમની આ પ્રથમ મુલાકાત છે. આ દરમિયાન શ્રી ધનખડ અનેક માળખાકીય અને વિકાસ યોજનાઓની મુલાકાત લેશે અને તેનું ઉદ્ઘાટન કરશે. તેઓ આવતી કાલે દમણના જામપોરમાં પક્ષીગૃહનું ઉદ્ઘાટન કરશે. તેઓ આરોગ્ય અને સુખાકારી કેન્દ્ર, સરકારી એન્જિનિયરિંગ કોલેજ અને રીંગણવાડા પંચાયત અને જમ્પરિન ખાતે રીંગણવાડા શાળાની પણ મુલાકાત લેશે.

21મી સપ્ટેમ્બરે તેઓ સિલવાસામાં નમો ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચની મુલાકાત લેશે. આ ઉપરાંત તેઓ દીવમાં સ્થાનિક પંચાયતો અને નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળશે. આ ઉપરાંત ધનખડ, ખુખરી વેસલ અને દીવ કિલ્લા સહિત મુખ્ય સ્થળોની મુલાકાત લેશે. 22 સપ્ટેમ્બરે તેઓ દીવમાં ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ અને ઘોઘલા ટેન્ટ સિટીની મુલાકાત લેશે. તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત બનેલા ફ્લેટ્સ અને દીવ ખાતે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.

## INDIA BANGLADESH CRICKET TEST

ચેન્નાઇના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ભારત અને બાંગલાદેશ વચ્ચે આજથી શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે છ વિકેટે ૩૩૯ રન કર્યા હતા. આર અશ્વિને

કારકિર્દીની છઠ્ઠી ટેસ્ટ સદી નોંધાવી હતી અને 102 રને અણનમ રહ્યા હતા. રવિન્દ્ર જાડેજા પણ 86 રને અણનમ હતા. યશસ્વી જયસ્વાલે 56, રિષભ પંતે 39 રન કર્યા હતા. બાંગલાદેશ વતી હસન મહમુદે ચાર વિકેટ લીધી હતી. અગાઉ, બાંગલાદેશે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી.

## BADMINTON

બેડમિન્ટનમાં  ભારતની માલવિકા બંસોડે ક્વાર્ટર  ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ચીનના ચાંગઝોઉ ખાતે ચાઇના ઓપનની વિમેન્સ સિંગલ્સની પ્રી ક્વાર્ટર ફાઇનલમાં તેનો વિજય થયો છે.. માલવિકાએ આજે પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં વિશ્વની 25 નંબરની ખેલાડી સ્કોટલેન્ડની કિર્સ્ટી ગિલમોરને હરાવી હતી. માલવિકા આવતીકાલે જાપાનની અકાને યામાગુચી સામે ક્વાર્ટર ફાઇનલમાં ટકરાશે.